ટીમ અણ્ણાનાં અનશન યથાવત્

નવીદિલ્હી,તા.૧

ટીમ અણ્ણા અને યુપીએ સરકાર વચ્ચે લોકપાલને લઈને મડાગાંઠની સ્થિતિ આજે આઠમા દિવસે યથાવત્ રીતે જારી રહી હતી. એકબાજુ ટીમ અણ્ણા આક્રમક મૂડમાં છે. બીજીબાજુ સરકાર પણ ટીમ અણ્ણાની માંગણીને લઈને તેમની સાથે વાતચીત કરવાના મૂડમાં દેખાઈ રહી નથી જેથી ટીમ અણ્ણાનું આંદોલન હજુ ખેંચાય તેમ માનવામાં આવે છે. મજબૂત લોકપાલ બિલને લઈને ટીમ અણ્ણા આક્રમક મૂડમાં દેખાઈ રહી છે. સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણ્ણા હજારેએ આજે કહ્યું હતું કે, જ્યાં સુધી લોકપાલ આવશે નહીં ત્યાં સુધી અનશન યથાવત્ રીતે જારી રહેશે. આજે અનશનનાં આઠમા દિવસે અણ્ણા હજારેએ આ મુજબની વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, અનશન કરવાની બાબત કોઈ ખામી નથી. અમારું આંદોલન છેલ્લી ઘડી સુધી જારી રહેશે. સરકાર જ્યાં સુધી લોકપાલ લાવશે નહીં ત્યાં સુધી આંદોલન યથાવત્ રીતે આગળ વધશે. અમે દેશનાં હિત માટે લડી રહ્યા છીએ. આનાથી દેશમાં દરેક જગ્યાએ જારી ભ્રષ્ટાચારને દૂર કરી શકાશે. દરમિયાનમાં અનશન પર બેઠેલાં ટીમ અણ્ણાનાં સભ્ય અરવિંદ કેજરીવાલે સરકાર પર આક્ષેપ મૂક્યો હતો કે, સરકાર આ બાબતનાં

પ્રયાસ કરી રહી છે કે, તેમને અનશન પરથી દૂર કરી દેવામાં આવે. સરકાર હજુપણ રાજકીય લડત અને કાવાદાવા રચી રહી છે. કેજરીવાલે કહ્યું હતું કે તેઓ દેશનાં હિતમાં બલિદાન આપવા માટે તૈયાર છે. તેઓ આત્મહત્યા કરવાનાં પ્રયાસ કરી રહ્યા નથી. આજે આઠ દિવસથી અનશન પર બેઠેલા કેજરીવાલ અને ગોપાલ રાયની હાલત ખૂબજ વણસી ગઈ છે. આ બંને ખૂબ નબળા થઈ ગયા છે, તેમને બેસવામાં તકલીફ થઈ રહી છે. તબીબોએ તરત જ હોસ્પિટલમાં પહોંચી જવા સૂચના આપી છે.

દિલ્હીનાં જંતરમંતર પર ટીમ અણ્ણાનાં અનશનનાં આઠમા દિવસે પણ ટીમ અણ્ણા આક્રમક મૂડમાં છે. બીજીબાજુ ગાંધીવાદી નેતા અણ્ણા પોતે આજે ચોથા દિવસે અનશન ઉપર મક્કમ રહ્યા હતાં. બીજીબાજુ સરકારે સાફ શબ્દોમાં કહ્યું છે કે, તે ટીમ અણ્ણા સાથે વાતચીતના મૂડમાં નથી. સમાચાર ચેનલોના એડિટરો સાથેની બેઠકમાં સરકારે પોતાની સ્થિતિ સ્પષ્ટ કરતાં કહ્યું હતું કે, માત્ર અખબારોમાં પ્રકાશિત થયેલાં અહેવાલોનાં આધાર ઉપર પ્રધાનોનાં મામલામાં ચકાસણી થઈ શકે નહીં. બીજીતરફ ટીમ અણ્ણાનું કહેવું છે કે, જો કોઈ ભ્રષ્ટ મંત્રી ટીમ અણ્ણાને મળવા આવે છે તો તેમનાં ઉપર પણ કલંક લાગશે. સરકારે સાફ શબ્દોમાં કહ્યું છે કે, ટીમ અણ્ણાની માંગણી વાજબી નથી તેથી સરકાર ટીમ અણ્ણા સાથે વાતચીત કરશે નહીં. સરકારે કહ્યું છે કે, આવા મામલાઓને ઉકેલવા માટે સામાન્ય રીતે એક પ્રક્રિયા છે જે આ મામલામાં પણ અપનાવવામાં આવશે.

આઇસીસી પીપલ્સ ચોઇસ એવોર્ડ માટે સચિન દાવેદાર

દુબઇ, તા.૧

બે વર્ષ અગાઉ એવોર્ડ જીત્યા બાદ મહાન ભારતીય બેટ્સમેન સચિન તેંડૂલકરને ફરીથી આઇસીસી પીપલ્સ ચોઇસ એવોર્ડમાં નોમિનેશન મળ્યું છે.

આ એવોર્ડ મેળવવાની રેસમાં સચિન તેંડૂલકર ઉપરાંત શ્રીલંકાના કુમાર સંગાકારા, દક્ષિણ આફ્રિકાના વેરનોન ફિલેન્ડર અને જેક કાલીસ તેમજ ઇંગ્લેન્ડના ફાસ્ટ બોલર જેમ્સ એન્ડરસનનો સમાવેશ થવા જાય છે. અગાઉ ગત વર્ષે સંગાકારા અને તેની આગળના વર્ષે ૨૦૧૦ સચિન તેંડૂલકર આ એવોર્ડ જીત્યા હતા. એવોર્ડના ઈતિહાસમાં ત્રીજી વખત દર્શકોને વિજેતા પસંદ કરવાની તક મળી છે. આ વખતે દર્શકોએ આઇસીસીના અધિકૃત ફેસબુક પેજ **www.facebook.com/cricketicc.** પરથી અરજી ભરવાની રહેશે. ૩૧, ઓગસ્ટ સુધી વોટિંગ લાઇન ખુલ્લી રહેશે. ૧૫મી સપ્ટેમ્બરે વિજેતાનું નામ જાહેર કરાશે. ક્રિકેટ દિન પ્રતિદિન વૈશ્વિક સ્તરે જાણીતું બની રહ્યું છે. ચાલુ વર્ષે અગાઉના બે વિજેતાઓને ફરીથી નોમિનેશન મળ્યું છે. દર્શકોને પોતાના પસંદગીનો વિજેતા ચૂંટવાનો ફરીથી એને મોકો આપ્યો છે.

હિંસાગ્રસ્ત આસામની સ્થિતિમાં ધીમે ધીમે સુધારો

કોકરાઝાર,તા.૧

હિંસાગ્રસ્ત આસામના વિસ્તારોમાં સ્થિતિમાં ધીમે ધીમે સુધારો થઈ રહ્યો છે. જેના પરિણામ સ્વરૂપે કોકરાઝારમાં સંચારબંધીમાં બે કલાકની રાહત આપવામાં આવી છે. જો કે સ્થિતિને ધ્યાનમાં લઈને ચિંરાગ અને ઢુબરી જિલ્લામાં રાત્રિ સંચારબંધી યથાવત્ રીતે જારી રાખવામાં આવી છે.સત્તાવાર સૂત્રોએ કહ્યું છે કે કોઈ પણ વિસ્તારમાંથી નવેસર હિંસાના કોઈ બનાવ બન્યા નથી. કોકરાઝારમાં વધુ આદેશ જારી કરવામાં ન આવે ત્યાં સુધી રાત્રે આઠ વાગ્યાથી લઈને સવારે છ વાગ્યા સુધી સંચારબંધી યથાવત્ રીતે અમલી રહેશે. કેન્દ્રીય પ્રધાન ચિદમ્બરમ્ ઢુબરીમાં બોરો માઈગ્રન્ટ અથડામણના ભોગ બનેલા લોકોની મુલાકાત લીધી હતી. તમામ ફરિયાદોનો નિકાલ લાવવા અને સહાયતા આપવાની ચિદમ્બરમે ખાતરી પણ આપી હતી. દરમિયાનમાં આરોગ્ય તંત્રની ચિંતા વધી ગઈ છે. કારણ કે ઢૂબરીમાં રાહત કેમ્પમાં ત્રણ લોકોના મોત થઈ ગયા છે જેથી વિસ્થાપિત થયેલા લોકોના આરોગ્ય અંગે ચિંતાનું મોજું ફરી વળ્યું છે.આસામના આરોગ્ય અને શિક્ષણ પ્રદાન હેમંત બિસવા શર્માએ કોકરાઝારની મુલાકાત લીધી હતી અને રાહત કેમ્પમાં પૂરતી તબીબી સુવિધા ઉપલબ્ધ કરાવવા ખાતરી આપી હતી. વિદ્યાર્થીઓને મફતમાં પુસ્તકો અને અન્ય શૈક્ષણિક સામગ્રી ઉપલબ્ધ કરાવવામાં આવશે. જિલ્લા અધિકારીએ કહ્યું છે કે જિલ્લામાં બેલાપારા સ્કૂલમાં તાવના કારણે ૩૨ વર્ષીય એક વ્યક્તિનું મોત થયું છે જ્યારે ૭૧ વર્ષીય મહિલાનું પણ મોત થયું છે. આસામમાં સ્થિતિમાં સુધારો થઈ રહ્યો છે અને જનજીવન ફરી રાબેતા મુજબ થઈ રહ્યું છે. પણ હવે રાહત કેમ્પમાં જુદા જુદા આરોગ્યના કારણસર મોતના મામલાથી તંત્ર હચમચી ઉઠ્યું છે.

આસામમાં તાજેતરમાં જ બોડો અને માઈગ્રન્ટ મુસ્લિમ સમુદાયના લોકો વચ્ચે વ્યાપક હિંસા ભડકી ઉઠી હતી. આ હિંસામાં ૫૬થી વધુ લોકોના મોત થઈ ચૂક્યા છે. લાખો લોકો ઘર વગરના થઈ ચૂક્યા છે. વડાપ્રધાન મનમોહનસિંહે હિંસાગ્રસ્ત આસામની યાત્રા દરમિયાન મનમોહનસિંહે ૩૦૦ કરોડના પેકેજની જાહેરાત કરી હતી.

નર્મદા બંધમાં પૂરતા પ્રમાણમાં પાણીનો જથ્થો હોવાથી રાહત

ગાંધીનગર,તા.૧

મધ્ય પ્રદેશમાં ભારે વરસાદના કારણે નર્મદા બંધમાં પૂરતા પ્રમાણમાં પાણીનો જથ્થો પહોંચી રહ્યો છે જેના પરિણામ સ્વરૂપે હવે નર્મદા બંધમાંથી સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ દ્વારા વધુ પાણી છોડવામાં આવી રહ્યું છે. ગુજરાત સરકારે ૪.૫ લાખ હેક્ટર વિસ્તારમાં સિંચાઈની જરૂરિયાતોને પહોંચી વળવા તૈયારી કરી લીધી છે. સાથે સાથે ૧૩૧ શહેરો અને સાત હજાર ગામડાઓની પીવાના પાણીની જરૂરિયાતોને પૂરી પાડવાનો નિર્ણય કર્યો છે. બંધમાં પાણીનો પ્રવાહ વધી રહ્યો છે. મધ્ય પ્રદેશમાં વરસાદ ઉપર પાણીનો પ્રવાહ આધારિત છે. મંગળવારે બપોર સુધી સોમવારે સવારે ૩૫૦૦૦ ક્યુસેક છોડવામાં આવ્યા બાદ ૬૫૦૦૦ ક્યુસેકનો જથ્થો હતો. નર્મદા પીવાના પાણી ઉપર આધારિત જે શહેરો છે તેમાં અમદાવાદ, રાજકોટ, જામનગર, ભાવનગર અને સુરેન્દ્ર નગરનો સમાવેશ થાય છે. ઉપરાંત કચ્છ અને સૌરાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોનો સમાવેશ થાય છે. ગઈકાલે એક દિવસ અગાઉ ૧૨,૦૦૦ ક્યુસેકની સામે બંધમાંથી ૨૨,૦૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું. કુલ પાણીના પ્રવાહ પૈકી ૩૦૦૦ ક્યુસેક ગુજરાતના શહેરો અને ગામડાઓ પૈકી અડધાની જરૂરિયાતો પૂરી કરવા જારી કરવામાં આવ્યું છે. સિંચાઈ રૂપે માંગ મુજબ પાણી પુરવઠો આપવામાં આવી રહ્યો છે. સરદાર સરોવર નિગમના મેનેજિંગ ડિરેક્ટર એસ જગદીશ અને ઉચ્ચસ્તરીય કેબિનેટ પેટા સમીતિ સમક્ષ કહ્યું હતું કે બંધમાં પાણીનો પ્રવાહ આગામી બે વર્ષ સુધી રાજ્યના અડધા લોકોની પીવાના પાણીની જરૂરિયાત પૂરી કરી શકે તેટલો છે. સિચાઈના હેતુ માટે પાણી પુરવઠો ઉપલબ્ધ કરવામાં આવી રહ્યો છે. સુજલામ, સુખરામ રિચાર્જ કેનાલમાં ૧૪૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. આ ઉપરાંત બ્રાન્ચ કેનાલમાં પાણી જારી કરવા પણ પગલાં લેવાઈ રહ્યા છે.

કાવ્ય રંગ

ગાંધીનગરનો જન્મદિન ઉજવીએ

ગાંધીનગરના જન્મદિને તમારી યાદ આવી
સોણલાં સુમધુર સહજ સુંદર સાથ લાવી
મહોત્સવ અનેરો આજ સૌ ઉજવે સાથે મળી
અરુણોદયે જન્મદિન પૂજા અર્ચન કરી કેક કાપી
ગાંધીનગર દેદિપ્યમાન હરિયાળું કરવા ગ્રીન સિટી
છોડ વિતરણ, વૃક્ષારોપણ ને વન નિર્માણ રેલી
જનજાગૃતિ આણી ઘરે ઘરે રોપા મનોહર રોપી
પ્રણ ધરી છોડવા ઉછેરવા નિયમિત પાઈ પાણી
ગાંધીપ્રિય વિચારિત કાર્યક્રમો સમયાંતરે કરીએ
ગાંધીમૂલ્યોનું જતન થાય તદર્થે મથી રહીએ
સત્ય, અહિંસા, પ્રેમથી સૌ હળીમળી સાથે રહીએ
ગાંધીનગર એવું બનાવીએ કે શામળો ભૂલે સ્વર્ગને

- સુમંતભાઈ મં. શાહ

રાજધાની, સપરમા તુજ જન્મદિને વધાઈ

ધન્ય ધરા તું છે રૂડી, માત ગુર્જરી અમારી,
પ્રથમ રાજધાની હતી, આનર્તપૂરે રૂપાળી !
દૂજે નગરી થૈ દ્વારામતી, જે શ્રીકૃષ્ણે ઉજાળી.
ગિરનગર તૃતીય, ગિરનાર તળે બંધાણી !
ચતુર્થ વલ્લભીપુરે વક્ષી, ખંભાતે પાય પખાળી !
અણહિલપુર પંચમી રાજધાની, બહુ વખણાણી.
અમદાવાદ એ છઠ્ઠી, અહમદશાહ થકી બંધાણી.
જગતે માન્ચેસ્ટર તરીકે તને બહુ વખાણી !
સપ્તમી સાબરતીરે રાજધાની શોભતી નિરાળી,
લંગોટીધર બાપુનામે, જગે ગાંધીનગર થૈ પંકાણી.
જગમાં જેનો જડે ન જોટો,એવી તું હરિયાળી !
તું બડભાગી, તુજ અંકે ઉજવાઈ સ્વર્ણિમ ઉજાણી !
નમે 'દધિ' તુજને અવિરત, તુજ પાય પખાળી,
સપરમા તુજ જન્મદિને વધાઈ, રહેજે સદાય હરિયાળી !

- મૂળજીભાઈ પરમાર 'દધિ'

ગાંધીનગર - મ્હારું જીગર

ગાંધીનગર મ્હારું નગર, મ્હારું જીગર
પ્રકૃતિ નગર, સંસ્કૃતિ નગર, ગાંધીનગર
એની મહેંકતી માટીમાં મ્હેંકે મ્હારું જીવન
જંગલમાં મંગલ થયું, જાણે ઋષિ મુનિનું ઉપવન
વૃક્ષો-વેલી, ફૂલોથી શોભે નગરજનોનાં ઘરતનમન
ગૌરવ છે ગુજરાતનું, વ્હાલું નગર ગાંધીનગર... મ્હારું નગર...
ઊંચી ઊંચી ઈમારતો, છે ઊંચા એના ઈરાદા
પ્રગતિપંથ પકડશું અમે, પૂરા કરશું મનસૂબા
આફત આવે, વિઘ્નો આવે, ભલે સાગર હોય ઘૂઘવાતા
નીકળીશું એમાં આરપાર અમે ગુજરાતી ભડબંદા
ગામેગામની દિશા-દિશાની ધડકન છે ગાંધીનગર... મ્હારું નગર...
સૂરજ ન્હોતો આથમતો, બ્રિટીશરોનો જગમાં
મંત્ર અહિંસાનો અપનાવ્યો જીત્યા આપણ જગમાં
સાબરમતીના સંતનો જાદુ છવાઈ ગયો દુનિયામાં
રક્તવિહીન શાંતિ-ક્રાંતિનો મંત્ર ગૂંજ્યો દુનિયામાં
પૂણ્યભૂમિ ગુજરાતની, પૂજ્ય ગાંધીબાપુના નામે
નામ પડ્યું ગાંધીનગર, મ્હારું જીગર ગાંધીનગર

- પ્રા. એમ વી પરમાર 'મનમોજી'

THE CREATIVE LEADERS OF THE CITY
॥ अभय ॥ FEEL FREE, BE FEARLESS
AD ABHAY DECORATORS
HIRERS, DECORATORS & EVENT ORGANISERS
ZARIN CATERING Pvt. Ltd.
FOR PROFESSIONAL & EXCELLENT OUTDOOR CATERING
: REGISTERED OFFICE :
B-203, Aman Flat, opp. BJP Office, J.P. Chowk, Khanpur, Ahmedabad
: CORRESPONDENCE OFFICE :
Neminath Electronics, Plot No. E-192, Electronics Estate, B/h. Videocon Factory, Sector-26, Gandhinagar
website : www.abhaydecorators.com, email : abhaydecorators@yahoo.com

AN ISO 9001:2008 CERTIFIED SEED COMPANY
રાષ્ટ્રીય ઉત્પાદકતા વધારવામાં અગ્રણી
વેસ્ટર્ન સીડ્સનાં "નવરત્ન"



વેસ્ટર્ન એગ્રી સીડ્સ લિમીટેડ
૮૦૨/૧૧, વેસ્ટર્ન હાઉસ, જી.આઈ.ડી.સી., (એન્જી.) એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨૧૨૪૨૭, ૨૩૨૧૧૮૯૧, ફેક્સ : ૨૩૨૧૦૩૮૨
Email : Westernagri@yahoo.co.in

અલ્ટ્રાટેક સિમેન્ટ
એંજિનિયરની પસંદગી

FAIR MATE Water Proofing Solution
VIRAT TMT BARS
UTKARSH TMT BARS
સાથ, સહકાર અને વિશ્વાસ
સ્ટોકિસ્ટ :-
શ્રી વૈષ્ણવી ટ્રેડર્સ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
(0) : 23226929 M. 98251 36929, 99250 39672, 99250 33729

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીચેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઘ.) ૨૩૨૬૧૧૬૩, ૩૨૦૬૦૫૨૨, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨,

SANGHI CEMENT
KisaN
VINAYAK 500 TMT BARS - ISI
SANGHI STEEL - ISI
BENELAVE
R.FIXIT FOR HEALTHY CONSTRUCTION
ashirvad C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ